# રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા - મેલેરિયા વિભાગ

**રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ**

ડૉ. આંબેડકરભવન રૂમ નં. ૬, ત્રીજો માળ, બસ સ્ટેન્ડની પાસે,
ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૨.

: 0281 - 2237062 | : biologist_rmc@yahoo.in | Like us on Facebook : /malaria.department


આર.એમ.સી./પી.આર.નં.:- -:અખબારી યાદી:-

## રાજકોટ મહાનગરપાલિકા - આરોગ્ય શાખા દ્વારા શાળાઓમાં જનજાગૃતિ અંગે વર્કશોપ યોજવામાં આવ્યો

### ડેન્ગ્યુ અટકાયતી માટે જનસમુદાયનો સહયોગ ખુબ જ આવશ્યક

### ૧૭ શાળાઓમાં ૨૩૭૨ વિદ્યાર્થીઓ ૧૦૪ શિક્ષકોએઆ વર્કશોપમાં ભાગ લીધેલ

તારીખ: ૧૧-૦૯-૨૦૧૯



વરસાદી ઋતુ દરમ્યાન સાનુકુળ તાપમાન અને ભેજને કારણે ડેન્ગ્યુ રોગમાં સામાન્ય રીતે વધારો જોવા મળે છે. ડેન્ગ્યુ રોગ એડીસ ઈજીપ્તી મચ્છર કરડવાથી ફેલાય છે. એડિસ મચછર નાના - નાના પાણીના પાત્રો કે જેમાં ચોખ્ખું પાણી સંગ્રહિત થયેલ હોય તેમાં ઈંડા મુકે છે. અને તેમાંથી પોરા, પ્યુપા અને ત્યાર બાદ મચ્છર બને છે.

ડેન્ગ્યુ ફેલાયતો એડિસ મચ્છર ઘરની અંદર તથા ઘરની આસપાસ માનવસર્જિત પાણીના પાત્રોમાં જ ઉત્પન્ન થતો હોવાથી આ મચ્છરની ઉત્પતિ અટકાવવા દરેક ઘરના સભ્યોનો જનસમુદાયનો સહયોગ ખુબ જ આવશ્યક છે.

ડેન્ગ્યુ રોગ તથા તેને ફેલાવતા એડિસ મચ્છરની ઓળખ, તેની ઉત્પતિ અટકાયતીના પગલાં વિશે શાળાના વિદ્યાર્થીઓને વિગતવાર પાવરપોંઈનટ પ્રેઝેન્ટેશન દ્વારા સમજ આપવામાં આવી. આ ઉપરાંત મચ્છર, મચ્છરના પોરા, પોરાભક્ષાક માછલીના જિવંત નિદર્શન દ્વારા મચ્છરનું જીવનચક્ર વિશે વિગતવાર સમજણ આપવામાં આવેલ.

નીચે મુજબની શાળાઓમાં **<u>૨૩૭૨</u>** વિદ્યાર્થીઓ **<u>૧૦૪</u>** શિક્ષકોએ આ વર્કશોપમાં ભાગ લીધેલ.

- રાજરામ મોહન રાય સ્કુલ - ભગવતીપરા,
- પરમ પુજય રણછોડ દાસજી શાળા નં. ૧૫ - રણછોડનગર
- શાળા નં. ર૩ - લાખાજીરાજ સોસા.
- સરસ્વતી વિદ્યાલય - રામનગર, ન્યુ થોરાળા
- કૈલાશ વિદ્યાલય - ન્યુ ૮૦ ફુટ રોડ,
- પાર્થ વિદ્યાલય - કોઠારીયા રોડ
- ગોરધનદાસ મજેઠિયા શાળા - અલ્કાપુરી સોસા.,
- સ્વમી તેમુરામ સીંધી હાઈસ્કુલ - રેફયુજી કોલોની
- અમૃત વિદ્યાલય - કૃષ્ણગર ૭
- ગૌતમ વિદ્યાલય - કેવડાવાડી
- સીપ્રા વિદ્યા સંકુલ - ૮૦ ફુટ રોડ
- પરિશ્રમ સ્કુલ - લાભદિપ શેરી નં. ૩
- પરીમલ સ્કુલ - કાલાવડ રોડ
- શ્રી રવિરન્દ્રનાથ ટાગોર સ્કુલ - બાલમુકુંદ સોસાયટી
- વી. જે. મોદી સ્કુલ - ૧૫૦ ફુટ રીંગ રોડ
- ધોળકીયા સ્કુલ - બાલાજીહોલ, ૧૫૦ ફુટ રીંગ રોડ
- તપન સ્કુલ - શિવધામ ૪૦ ફુટ રોડ, મવડી

માન. મ્યુનિ. કમિશનરશ્રીની સૂચના અનુસાર આરોગ્ય શાખાની ટીમ દ્વારા ઉક્ત સ્કૂલોમાં આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આપણા કામકાજના સ્થળે કે ઘરમાં મચ્છરના પોરા ન થાય તે જોવાની જવાબદારી આપણી જ છે. રાજકોટના દરેક નાગરિકને અપીલ છે કે,તેઓ આ બાબતે

જાગૃત થાય અને ડેન્ગ્યુ તથા બીજા મચ્છરથી ફેલાતા રોગોને અટકાવવાના રાજકોટ મહાનગરપાલિકાના પ્રયત્નોમાં પૂરે પૂરો સહયોગ આપે.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા